ગતરોજ માંજલપુર ક્રેન અકસ્માતમાં દિવ્યા પરમારનું મોત નીપજ્યું હતું

DCPએ ખાતરી આપતાં પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો

પોલીસ પર ગંભીર આક્ષેપ, યુવતિની માતાને એફ.આઈ.આર. વંચાવ્યા વગર જ સહી કરાવી લીધાનો દાવો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ વડોદરા શહેરમાં ક્રેન ચાલકોની બેદરકારીના કારણે વધુ એક નિર્દોષ યુવતીએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. શહેરના વડસર બ્રિજથી માંજલપુર પોલીસ સ્ટેશન તરફ જતા મકરપુરા GIDC રોડ પર પૂરઝડપે દોડતી ક્રેનની અડફેટે આવવાથી ૨૨ વર્ષીય આશાસ્પદ યુવતી દિવ્યા કનુભાઈ પરમારનું કરુણ મોત નીપજ્યું હતું. આ અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું અને સ્થાનિકો તેમજ પરિવારજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અકસ્માતની આ ઘટના બાદ રોષે ભરાયેલા પરિવારજનો અને સગા-સંબંધીઓએ ન્યાયની માંગ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પરિવારજનોએ એસ.એસ.જી. હોસ્પિટલના પોસ્ટમોર્ટમ વિભાગ તેમજ માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે એકઠા થઈને હોબાળો મચાવ્યો હતો. પરિવારની સ્પષ્ટ માંગ હતી કે જ્યાં સુધી ક્રેન ચાલક અને તેના માલિક સામે કડક કાયદેસરની ગુનાહિત કાર્યવાહી કરવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ દિવ્યાનો મૃતદેહ સ્વીકારશે નહીં. મામલાની ગંભીરતા અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. ડીસીપી ઝોન-૩ અભિષેક ગુપ્તા, એફ ડિવિઝનના એસીપી તેમજ માંજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા મૃતકના પરિવારજનો સાથે વિશેષ બેઠક યોજવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ પરિવારને સાંત્વના પાઠવી હતી અને ખાતરી આપી હતી કે આ દુર્ઘટના માટે જવાબદાર તમામ વ્યક્તિઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને દોષિતોને કોઈપણ ભોગે છોડવામાં નહીં આવે. પોલીસની આ સમજાવટ અને ન્યાય અપાવવાની ખાતરી બાદ આખરે પરિસ્થિતિ શાંત પડી હતી. પોલીસની મધ્યસ્થી સફળ રહેતા અંતે પરિવારજનોએ દિવ્યા પરમારનો મૃતદેહ સ્વીકારીને અંતિમવિધિ માટે લઈ જવાની સંમતિ દર્શાવી હતી.

સાંકરદા ગામના મુસાફરો અને વિદ્યાર્થીઓની હાલાકી દૂર થશે

વડોદરાથી વાસદ તરફ જતી લોકલ બસો હવે સાંકરદા ગામ થઈને જ દોડશે

વિદ્યાર્થીઓની રજૂઆત રંગ લાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ વડોદરા એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અનુસાર, વડોદરાથી વાસદ તરફ આવતી-જતી તમામ લોકલ બસોનું સંચાલન હવે અગાઉની જેમ ફરજિયાતપણે સાંકરદા ગામ થઈને કરવાનું રહેશે. અગાઉ સાંકરદા ગામ ખાતે બ્રિજનું કામ ચાલુ હોવાને કારણે બસોનું સંચાલન સીધું કરવામાં આવતું હતું. પરંતુ હવે બ્રિજનું કામ પૂર્ણ થઈ ગયું છે અને બ્રિજની નીચેથી વાહનોની અવરજવર માટે સ્તર સુરક્ષિત રીતે ખુલ્લો મુકાયો છે. આ બાબતે સાવલીના ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈને એસ.ટી. વડોદરા વિભાગીય નિયામક દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યો છે. વિભાગીય કચેરી દ્વારા વડોદરા, છોટાઉદેપુર, બોડેલી, ડભોઈ, કરજણ, પાદરા, વાઘોડિયા અને સાંકરદા સહિતના તમામ ડેપો મેનેજરને આ અંગે કડક અમલ કરવા સૂચના આપવામાં આવી છે. તમામ લોકલ બસોના ડ્રાઈવરો અને કંડક્ટરોને આ અંગે રજિસ્ટરમાં સહી કરાવીને જાણ કરવાની રહેશે. જો કોઈ બસ સાંકરદા ગામ થઈને સંચાલન કરવાને બદલે અગાઉની જેમ બાયપાસ થઈને જતી ઝડપાશે, તો સંબંધિત ડ્રાઈવર અને કંડક્ટર સામે ગંભીર ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. એસ.ટી. નિગમના આ કડક નિર્ણયથી સાંકરડા ગામ અને આસપાસના ગ્રામજનો તથા વિદ્યાર્થીઓનો મુસાફરીનો પ્રશ્ન હલ થશે અને રાહત અનુભવાશે.

૧૮૧ અભયમે સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો

સમાધાનના બહાને પત્નીને જામનગરથી બોલાવી, રસ્તા પર તરછોડી પતિ ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 ચાર વર્ષના પ્રેમ સંબંધ બાદ પ્રેમલગ્ન કરનાર યુવતી માટે વડોદરાની વરસાદી રાત ક્યારેય ભૂલી ન શકાય તેવી બની. પતિએ સમાધાનના બહાને જામનગરથી વડોદરા બોલાવી, સાથે સમય પસાર કર્યો, જમાડ્યું અને પછી કામે જઈ રહ્યો છું કહી પત્નીને રસ્તા પર એકલી મૂકી ગાયબ થઈ ગયો. ફોન પણ બંધ વરસાદ પણ શરૂ અને અજાણ્યા શહેરમાં ક્યાં જવું તેની કોઈ ખબર નહીં. આખરે યુવતીએ 181 અભયમને કોલ કરતાં ટીમે કાઉન્સેલિંગ કરી મહિલાને સખી ઓન સ્ટોપ સેન્ટર ખાતે સલામત રીતે મૂકી દીધી હતી. યુવતીએ જણાવ્યું કે તે જામનગરની રહેવાસી છે અને છેલ્લા ચાર વર્ષથી એક યુવક સાથે પ્રેમ સંબંધમાં હતી. ત્રણ મહિના પહેલા બંનેએ પ્રેમલગ્ન કર્યા હતા અને ત્યારબાદ ટ્રાવેલિંગનો વ્યવસાય કરવા વડોદરા આવ્યા હતા. શરૂઆતમાં દાંપત્ય જીવન સુખમય રહ્યું, પરંતુ થોડા સમય બાદ પતિના સ્વભાવમાં બદલાવ આવવા લાગ્યો. યુવતીએ કોન્સ્ટેબલ ભરતી માટે ફોર્મ ભર્યું હતું અને દોડની પરીક્ષા પણ પાસ કરી હતી, પરંતુ રાજકોટમાં યોજાનારી લેખિત પરીક્ષા આપવા પતિએ નોકરી કરવાની જરૂર નથી કહી જવા દીધું નહીં. યુવતીએ વધુમાં જણાવ્યું કે એક અઠવાડિયા પહેલા પતિ દારૂના નશામાં ઘરે આવી ઝઘડો કરી મારપીટ કરતા તે પિયર જામનગર ચાલી ગઈ હતી. ત્યારબાદ પતિએ ફોન કરીને સમાધાનની વાત કરી અને ફરી ક્યારેય ઝઘડો નહીં થાય તેવી ખાતરી આપતા યુવતી વડોદરા આવી હતી. વડોદરા પહોંચ્યા બાદ બંને સાથે ફર્યા અને જમવા ગયા હતા. ત્યારબાદ પતિએ થોડું કામ હોવાનું કહી પત્નીને ત્યાં જ ઉભી રાખી ચાલ્યો ગયો. લાંબા સમય સુધી પરત ન આવતા યુવતીએ અનેકવાર ફોન કર્યા, પરંતુ ફોન સતત બંધ આવતો રહ્યો. વરસાદી રાત અને અજાણ્યા શહેરમાં નિરાધાર બનેલી યુવતીએ આખરે 181 અભયમની મદદ માંગી.સ્થિતિને ધ્યાનમાં રાખી અભયમ ટીમે યુવતીને સાંત્વના આપી, તમામ હકીકત જાણી અને તે રાત્રે જામનગર જવાની કોઈ બસ કે ટ્રેન ઉપલબ્ધ ન હોવાથી તેને સખી વન સ્ટોપ સેન્ટરમાં મોકલી આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગનો નિર્ણય

સરકારી હાઈ.ના શિક્ષકોને મળશે જિલ્લા ફેરબદલીની વન-ટાઈમ તક

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષક સહાયકો અને મદનીશ શિક્ષકો માટે શિક્ષણ વિભાગે મોટી રાહત આપી છે. જિલ્લા વિભાજનને કારણે જે શિક્ષકોને પોતાના મૂળ જિલ્લા સિવાય નવા બનેલા જિલ્લામાં બદલીની તક ન મળી હતી, તેમના માટે હવે વન-ટાઈમ વિકલ્પ આપવાનો નિર્ણય લેવાયો છે. શિક્ષણ વિભાગે 12 નવેમ્બર 2024ના રોજ આ અંગેનો ઠરાવ બહાર પાડ્યો હતો. તે મુજબ જો કોઈ શિક્ષકના જિલ્લાનું વિભાજન થયા બાદ તેના નોકરીના સ્થળે બદલી માટેની યોગ્ય પરિસ્થિતિ ન હોય તો તેને સરકાર દ્વારા એક જ વખત પોતાનો મૂળ જિલ્લો અથવા નવો રચાયેલો જિલ્લો પસંદ કરવાની તક આપવામાં આવશે. આ માટે કમિશનર ઓફ સ્કૂલ્સની કચેરીએ દરખાસ્ત મોકલી હતી જેને મંજૂરી મળી છે. આ યોજના હેઠળ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષક સહાયક અને મદનીશ શિક્ષકો બદલી કેમ્પ દ્વારા અરજી કરી શકશે. જેમાં પહેલા વડા-કેમ્પ, ત્યારબાદ તાલુકા કક્ષાનો કેમ્પ, પછી જિલ્લા ફેરબદલી કેમ્પ અને છેલ્લે જિલ્લા આંતરિક કેમ્પ યોજાશે. હાલ કેમ્પની તારીખ જાહેર કરવામાં આવી નથી. શિક્ષણ વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે એકવાર વિકલ્પ પસંદ કરી લીધા બાદ તે ફાઈનલ રહેશે અને તેમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં. ઉપરાંત જે શિક્ષકને બદલી મળશે તેને આગામી ત્રણ વર્ષ સુધી ફરીથી બદલીની માગણી કરવાની છૂટ મળશે નહીં. આ નિર્ણયથી જિલ્લા વિભાજનને કારણે અટવાયેલા સેંકડો શિક્ષકોને પોતાના વતનની નજીક અથવા ઈચ્છિત જગ્યાએ જવાની તક મળશે.

ધામણ સાપનું સફળ રેસ્ક્યૂ કરાયું

આજવા રોડ પર પિકઅપ ગાડીમાં ૬ ફૂટનો સાપ ઘૂસ્યો, લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા પુનિતનગર સામે એક પિકઅપ ગાડીમાં અચાનક ધામણ સાપ ઘૂસી જતાં રસ્તા પર ગભરાટ ફેલાયો હતો. બનાવને પગલે સ્નેક રેસ્ક્યુઅર યશ પટેલે સ્થળ પર પહોંચી સાપને સુરક્ષિત રીતે પકડી કુદરતી સ્થળે છોડ્યો હતો. અંદાજે 5 થી 6 ફૂટ લાંબા સાપને જોઈને વાહનચાલકો અને આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. જેના કારણે આજવા રોડ પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્નેક રેસ્ક્યુઅર યશ પટેલ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમણે સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કરીને પિકઅપમાંથી ધામણ સાપનું સફળ રેસ્ક્યૂ કર્યું હતું. યશ પટેલે સાપને કોઈ ઈજા પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે કુદરતી વિસ્તારમાં મુક્ત કર્યો હતો. રેસ્ક્યૂ પૂર્ણ થયા બાદ ટ્રાફિક ફરી હળવો થયો હતો અને રોડ પરની અવરજવર સામાન્ય થઈ હતી.

કલેક્ટરને પાઠવ્યું આવેદનપત્ર

પેપરલીક-NTAની ગેરરીતિઓ સામે પેરેન્ટ્સ એસો.એ અવાજ ઊઠાવ્યો

વડાપ્રધાનને સંબોધીને કડક કાનૂની પગલાં અને માળખાકીય સુધારાની માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ દેશભરના લાખો તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સીની પરીક્ષા પ્રણાલી અને વારંવાર સામે આવતા પેપર લીક કૌભાંડો સામે હવે વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ગંભીર મુદ્દે આજે 'વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન' દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટર મારફતે વડાપ્રધાનને એક વિગતવાર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. . આવેદનપત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અને પેપર લીકની ઘટનાઓ માત્ર શૈક્ષણિક મુદ્દો નથી, પરંતુ તે ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ (સમાનતાનો અધિકાર) અને અનુચ્છેદ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) સીધો ભંગ છે. વર્ષો સુધી દિવસ-રાત એક કરીને મહેનત કરતા લાખો મેરિટોરિયસ વિદ્યાર્થીઓ જ્યારે ભ્રષ્ટાચારનો ભોગ બને છે, ત્યારે તેમની માનસિક સ્થિતિ પર વિપરીત અસર પડે છે. એડવોકેટ કિશોર પિલ્લાઈ અને વડોદરા પેરેન્ટ્સ એસોસિએશને સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે પરીક્ષા વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવાની પ્રબળ માંગ તેમજ જો સમયસર આ બાબતે નક્કર પગલાં નહીં ભરાય તો દેશના યુવાનોનો શિક્ષણ વ્યવસ્થા પરથી વિશ્વાસ ઉઠી જશે. દેશના ઉજ્જવળ ભવિષ્ય અને મેરિટને બચાવવા માટે માનનીય વડાપ્રધાન આ બાબતમાં અંગત રસ લઈ ત્વરિત અને કડક કાર્યવાહી કરે તેવી અપીલ કરાઈ છે.

કરોડોની મિલકતના બનાવટી દસ્તાવેજ કેસમાં આરોપીના જામીન મંજૂર

વડોદરાઃ વડોદરાના ચર્ચિત રૂ. 21.66 કરોડના જમીન કૌભાંડ કેસમાં ડીસીબી પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા પાર્થ અર્જુનભાઈ સુથારને સત્ર અદાલતે નિયમિત જામીન મંજૂર કર્યા છે. કોર્ટે રૂ. બે લાખના વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમની જામીનગીરી સહિત કડક શરતો સાથે મુક્તિનો આદેશ આપ્યો છે. ધરતી મેટ્રિડ કાઉન્ટી પ્રોજેક્ટના ફ્લેટોને લઈને આરોપીઓએ કંપનીની જાણ બહાર ખોટા દસ્તાવેજો, બનાવટી સહીઓ, સિક્કા અને સ્ટેમ્પનો ઉપયોગ કરી મિલકતો પર બોજ ઊભો કર્યો હતો. ત્યારબાદ વિવિધ બેંકોમાંથી છેતરપિંડીપૂર્વક લોન મેળવી તેમજ અંદાજે રૂ. 21.66 કરોડની મિલકતોના ખોટા વેચાણ દસ્તાવેજો તૈયાર કર્યાની ડીસીબીમાં નોંધાઈ હતી. નિયમિત જામીન અરજી મંજૂર કરતાં કોર્ટે આરોપીને દર મહિને પોલીસ સ્ટેશનમાં હાજરી નોંધાવવા, પાસપોર્ટ જમા કરાવવા, ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી રહેઠાણ બદલવા કે ગુજરાતની બહાર જવા માટે કોર્ટની મંજૂરી લેવી સહિતની શરતો ફરમાવી છે.

સાવલી નજીક ટુંડાવ ગામની ભાથુજી કોલોનીમાં અરેરાટી

બે વ્યક્તિઓને સાપ કરડતાં ૧૦૮ દ્વારા સયાજી હોસ્પિટલ ખસેડાયા

યુવાનના મોંમાંથી ફીણ નિકળ્યું, જ્યારે મહિલાને પેટમાં સોજો અને છાતીમાં દુખાવો ઉપડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ સાવલી નજીક ટુંડાવ ગામમાં અચાનક સર્જાયેલી સાપ કરડવાની બે અલગ-અલગ ઘટનાઓએ સમગ્ર વિસ્તારમાં ભારે ચિંતા અને અરેરાટી ફેલાવી દીધી છે. ટુંડાવ ગામની ભાથુજી કોલોનીમાં રહેતા બે અલગ-અલગ વ્યક્તિઓને ટૂંકા સમયગાળામાં સાપએ ડંખ મારતા બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રથમ બનાવ ભાથુજી કોલોનીમાં રહેતા ૨૧ વર્ષીય યુવાન રોનક રાઠોડને તેમના ઘરની આસપાસના વિસ્તારમાં જમણા પગના ભાગે કોઈ ઝેરી સાપે ડંખ માર્યો હતો. સાપ કરડ્યાની થોડીવારમાં જ રોનકને અચાનક ભારે ગભરામણ થવા લાગી હતી અને મોંમાંથી ફીણ નીકળવા લાગતા પરિવારજનો અને સ્થાનિક લોકોમાં ભારે ડર ફેલાઈ ગયો હતો. ૧૦૮ ની ટીમે સમયસૂચકતા વાપરીને યુવાનને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા. બીજી એક સમાન ઘટનામાં, તે જ વિસ્તાર એટલે કે ભાથુજી કોલોનીમાં જ રહેતા પર વર્ષીય મહિલા ઝુલેબાબેન ગુલામનબી રાણાને પણ સાપ કરડવાની ઘટના બની હતી. ઝુલેબાબેનને પેટના ભાગે ડૂંટીની આસપાસ સાપે ડંખ માર્યો હતો. ઝેરી અસરના કારણે તેમને વારંવાર ઉબકા આવવા લાગ્યા, પેટના ભાગે અચાનક સોજો આવી ગયો અને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. આ ગંભીર લક્ષણો જણાતા જ પરિવારજનો દ્વારા તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરવામાં આવ્યો હતો, અને એમ્બ્યુલન્સ મારફતે તેમને પણ તાત્કાલિક ધોરણે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. એક જ વિસ્તારમાંથી સાપ કરડવાના બે ગંભીર કેસો એકસાથે સામે આવતા ગ્રામજનો અને તંત્રમાં ચકચાર મચી ગઈ છે. હાલમાં સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા બંને દર્દીઓની કાળજીપૂર્વક સારવાર શરૂ કરવામાં આવી છે.

આડેધડ પાર્કિંગને પગલે બાળકોના જીવ જોખમમાં

કલાલી DPS સ્કૂલ બહાર ટ્રાફિકની સમસ્યાથી વાહનચાલકો ત્રાહિમામ્

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં આવેલી ડીપીએસ (દિલ્હી પબ્લિક સ્કૂલ) બહાર શાળા શરૂ થવાના અને છૂટવાના સમયે આડેધડ પાર્કિંગ તથા રોંગ સાઈડમાં આવતા વાહનોને કારણે ગંભીર ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. દરરોજ મોટી સંખ્યામાં સ્કૂલ બસો, વાન અને વાલીઓના ખાનગી વાહનો રોડ પર ગોઠવાઈ જતા મુખ્ય માર્ગ પર લાંબી વાહન કતારો લાગી જાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક વાહનચાલકો નિયમોનું ઉલ્લંઘન કરીને રોંગ સાઈડમાં પ્રવેશ કરે છે, જેના કારણે ટ્રાફિક વધુ ગૂંચવાઈ જાય છે. આડેધડ પાર્કિંગને કારણે અન્ય વાહનોને પસાર થવામાં મુશ્કેલી પડે છે અને અવારનવાર નાના અકસ્માતો સર્જાવાની સ્થિતિ ઊભી થાય છે. રાહદારીઓ તેમજ શાળામાં આવતા વિદ્યાર્થીઓને પણ રસ્તો પાર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે શાળા સમય દરમિયાન પૂરતી પોલીસ અથવા ટ્રાફિક વોર્ડનની હાજરી જોવા મળતી નથી. પરિણામે દરરોજ અફરાતફરીનો માહોલ સર્જાય છે અને સામાન્ય વાહનચાલકોને લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેવું પડે છે. રહેવાસીઓએ માંગ કરી છે કે શાળા સમય દરમિયાન ટ્રાફિક પોલીસની કાયમી ફાળવણી કરવામાં આવે, રોંગ સાઈડમાં વાહન ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ રોડ પર આડેધડ પાર્કિંગ અટકાવવા માટે અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

જળભરાવની સમસ્યા નિવારવા વડોદરા મહાનગરપાલિકાનું સક્રિય પગલું

શહેરમાં કાંસોની સફાઈ માટે ફ્લોટિંગ પોકલેન મશીનથી કામગીરીનો પ્રારંભ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ વડોદરા શહેરમાંથી પસાર થતા કાંસોની સફાઈ કામગીરી વધુ ઝડપી અને અસરકારક બને તે હેતુસર વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક અત્યાધુનિક અભિગમ અપનાવવામાં આવ્યો છે. પાલિકા દ્વારા ખાસ કરીને ફ્લોટિંગ પોકલેન મશીનનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે, જે કાંસની સફાઈમાં અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. આધુનિક તકનીકયુક્ત આ મશીન દ્વારા પાણીની વચ્ચે જઈને સફાઈ કરવાનું કાર્ય સરળ બન્યું છે અને ગત અઠવાડિયાથી જ આ મશીનને કામે લગાડી દેવામાં આવ્યું છે. હાલમાં આ મશીન દ્વારા શહેરમાં બે અત્યંત મહત્વના અને મુખ્ય કાંસ એવા કારેલીબાગ વિસ્તારના તુલસીવાડી વિસ્તાર તથા ડભોઈ રોડ પર આવેલા મહાનગર કાંસની સફાઈ પૂરજોશમાં કરવામાં આવી છે. આ બંને કાંસોમાંથી પાણીના કુદરતી પ્રવાહને અવરોધતા વિવિધ પ્રકારનો કચરો, કાદવ, ઝાડી-ઝાંખરા અને પાણીમાં ઉગી નીકળેલી બિનજરૂરી વનસ્પતિને આ મશીન દ્વારા સંપૂર્ણપણે અને મૂળમાંથી સાફ કરી દેવામાં આવ્યા છે. કાંસોમાંથી આ વેસ્ટ દૂર થવાથી કાંસો હવે સંપૂર્ણ સ્વચ્છ અને પ્રવાહમાન બન્યા છે. જેના પરિણામે આગામી ચોમાસાની સિઝન દરમિયાન વરસાદી પાણીનો નિકાલ ખૂબ જ ઝડપથી થઈ શકશે, જેથી નાગરિકોને મૂંઝવતી જળભરાવની સમસ્યામાં મોટો ઘટાડો થશે તેવી ખાતરી પાલિકા દ્વારા આપવામાં આવી છે.

પરિવારજનો હાજર છતાં ચોરોએ ચોરીને અંજામ આપ્યો

નવાયાર્ડની ગાંધીનગર સોસા.માં તસ્કરોનો તરખાટ

સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ ચોરી કરી રફુચક્કર

વડોદરા : વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં તસ્કરોએ રાત્રિના અંધકારનો લાભ લઈ પરિવાર ઘરમાં જ સૂતો હોવા છતાં ચોરીને અંજામ આપ્યો હતો. ગાંધીનગર સોસાયટીના એક મકાનમાં દરવાજો અને તિજોરીનું લોક તોડી રૂ.88 હજારના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરીને ચોર ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં આવેલી ગાંધીનગર સોસાયટીમાં રહેતા રેખાબેન દિનેશભાઈ મકવાણાના 20 જુલાઈની રાત્રે પરિવાર સાથે જમ્યા બાદ રેખાબેન અને તેમની પુત્રીના રૂમમાં સૂવા ગયા હતા, જ્યારે તેમનો પુત્ર નીચેના રૂમમાં અભ્યાસ કરી રહ્યો હતો. બાદમાં વહેલી સવારે પુત્ર પણ નીચેના રૂમને લોક મારી ઉપર સૂવા જતો રહ્યો હતો. બીજા દિવસે સવારે રેખાબેન ટિફિન બનાવવા માટે નીચે આવ્યા ત્યારે મુખ્ય રૂમના દરવાજાનો નકુચો તૂટેલો જોઈ તેઓ ચોંકી ઊઠ્યા હતા. ઘરની તપાસ કરતાં તિજોરીનું લોક પણ તોડવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. તિજોરીમાં રાખેલા ચાર જોડી સોનાની બુટી, બે જોડી ચાંદીના છડા, ચાંદીનું મંગળસૂત્ર, ચાંદીનો સિક્કો અને રૂ.19 હજારની રોકડ મળી કુલ અંદાજે રૂ.88 હજારની મત્તા ગાયબ હોવાનું સામે આવ્યું હતું. કામકાજના કારણે તેઓ તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી શક્યા નહોતા, પરંતુ બાદમાં ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

૪૮૦ દારૂની બોટલો, ઓટોરીક્ષા અને મોબાઇલ સહિત રૂ.1.64 લાખનો મુદ્દામાલ જપ્ત

ગોલ્ડન ચોકડી પાસે ઓટોરીક્ષામાંથી રૂ.૮૯ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

પીસીબી દ્વારા એક આરોપીની ધરપકડ; વાઘોડિયાનો લાલો ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩ ગોલ્ડન ચોકડી ટોલ નાકા પાસે રીક્ષામાં છુપાવી લાવવામાં આવી રહેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પીસીબીએ ઝડપી પાડ્યો હતો. પોલીસે એક આરોપીની ધરપકડ કરી રૂ.1.64 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે દારૂનો સપ્લાયર ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં દેશી તથા વિદેશી દારૂનું ઘેર કહી દે વેચાણ દારૂની હેરાફેરી પણ કરવામાં આવતી હોય છે જેને લઈનેપીસીબી પીઆઈ જે.આર. ગામીતના દ્વારા દારૂના વેચાણ અને હેરાફેરી પર સતત વાંચી રાખવાની સૂચના આપવી હતી જેના આધારે પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી ત્યારે બાતમી મળી હતી કે હાલોલ તરફથી એક રીક્ષામાં દારૂનો જથ્થો લઈને વડોદરા તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે પીસીબીની ટીમે ગોલ્ડન ટોલ નાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન રીક્ષા આવતા તેને અટકાવી તપાસ કરતાં તેમાંથી વીદેશી દારૂની 480 બોટલો મળી આવી હતી. પોલીસે રીક્ષા ચાલક પુનમ ઉર્ફે પુનીયો રાજુ ઠાકોર (રહે. જરોદ, તાલુકો વાઘોડિયા)ની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન વાઘોડિયાના લાલા નામનો શખ્સ દારૂનો સપ્લાય કર્યો હોવાનું સામે આવતા તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે. પીસીબી પોલીસે રૂ.89 હજારની કિંમતનો દારૂ, રૂ.70 હજારની રીક્ષા અને મોબાઈલ મળી રૂ.1.64 લાખનોનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.